ગુજરાત સમાચાર, પાના નંબર :- ૦૨

તારીખ :- ૧૫/૦૮/૨૦૨૬

### આ વર્ષે અત્યારસુધી ૩.૪૦ કરોડ મુસાફરો

# મેટ્રોનો વધુ એક માઈલસ્ટોન દૈનિક મુસાફરો બે લાખને પાર

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ મેટ્રોમાં દૈનિક મુસાફરોનો આંક બે લાખને પાર થયો છે. કોઈ મોટી ઈવેન્ટ વિના મુસાફરોનો આંક બે લાખને પાર થયો હોય તેવું પ્રથમવાર બન્યું છે.

## આ વર્ષે દરરોજ સરેરાશ ૧.૫૪ લાખથી વધુ મુસાફરો, ગયા વર્ષે આ પ્રમાણ ૧.૩૨ લાખનું હતુ

મેટ્રોમાં આ મહિને ૧૦ અને ૧૨ ઓગસ્ટના બે લાખથી વધારે મુસાફરો નોંધાયા હતા. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મેટ્રોમાં જુલાઈ મહિના દરમિયાન ૫૧.૧૨ લાખ મુસાફરો નોંધાયા હતા. એક જ મહિનામાં ૫૦ લાખથી વધુએ મેટ્રોમાં મુસાફરી કરી હોય તેવું પ્રથમવાર બન્યું હતું. અમદાવાદ મેટ્રોમાં એક જ મહિનામાં સૌથી વધુ મુસાફરોનો અગાઉનો રેકોર્ડ મે મહિનામાં નોંધાયો હતો ત્યારે ૪૮.૩૭ લાખ દ્વારા મુસાફરી કરવામાં આવી હતી.

મેટ્રોમાં આ વર્ષે પ્રથમ ૭ મહિનામાં ૩.૨૮ કરોડ મુસાફરો નોંધાઈ ચૂક્યા છે. ગયા વર્ષે મેટ્રોમાં ૪.૮૪ કરોડ મુસાફરો નોંધાયા હતા. આમ, ગયા વર્ષે દરરોજ સરેરાશ ૧.૩૨ લાખ મુસાફરો નોંધાતા હતા જ્યારે આ વર્ષે આ પ્રમાણ વધીને ૧.૫૪ લાખ જેટલું થયું છે.

### મેટ્રોમાં ઓગસ્ટમાં મુસાફરો

| તારીખ | મુસાફરો |
| --- | --- |
| ૩ | ૧,૯૯,૭૮૯ |
| ૪ | ૧,૯૮,૧૩૧ |
| ૫ | ૧,૯૩,૫૫૬ |
| ૬ | ૧,૯૬,૫૬૧ |
| ૭ | ૧,૯૯,૯૩૯ |
| ૧૦ | ૨,૦૦,૪૩૬ |
| ૧૨ | ૨,૦૩,૨૧૫ |
| ૧૩ | ૧,૯૭,૮૬૯ |